# ઈશ્વર દયાળુ છે

એક ખેડૂત ફળોની વાડી સંભાળતો હતો. તેની વાડીમાં જાતભાતનાં ફળ થતાં. એક વાર તે બોર ભરેલી ટોપલી લઈ રાજાને મહેલ ગયો ને નાનકડા રાજકુમારને બોર આપ્યાં. રાજકુમાર તે વખતે ગુસ્સામાં હતા. તેમણે મુઠ્ઠીમાં બોર લીધાં ને ચીઢમાં ને ચીઢમાં ખેડૂત પર ફેંક્યા. ખેડૂત બોલ્યો : 'ઈશ્વર, તારી  દયાનો પાર નથી.' દૂર બેઠેલાં રાણીએ આ સાંભળ્યું. રાણીએ પૂછ્યું : 'અરે ખેડૂત ! રાજકુમારે તારા પર બોર ફેંક્યાં તેમાં ભગવાનની દયા ક્યાં આવી ?'



ખેડૂત કહે : 'રાણીમા ! આજે વાડીમાં બોર ને જામફળ બેઉ સરસ ઊતરેલાં. હું જામફળ લાવવાનો હતો. તેને બદલે બોર લાવ્યો. હવે આપ જ કહો, હું બોરને બદલે જામફળ લાવ્યો હોત તો ? રાજકુમાર જામફળ મારા પર ફેંકત ને ! માટે કહ્યું કે 'ઈશ્વર, તારી દયાનો પાર નથી.'' રાણી તેના પર ખુશ થઈ ગયાં. તેના બધાં બોર સારી એવી કિંમત આપી ખરીદી લીધાં. ખેડૂત ખુશ ખુશ થઈ ગયો.

■